**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૪૫ ટકા

# શહેરમાં મેડીકલ સ્ટોર ૨૪ કલાક શરૂ કરવાની માંગ

## મોડી રાત્રે ઈમરજન્સીમાં લોકોને એકપણ મેડીકલ જડતી નથી : સિવિલ હોસ્પિટલની સામે ચાની કીટલીઓ આખી રાત ધમધમે છે પણ બાજુમાં મેડીકલ સ્ટોર બંધ થઈ જાય છે

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં ઈમરજન્સી સેવાઓ ૨૪ કલાક મળી રહી નથી તેવી ફરીયાદો વધવા પામી છે. મેડીકલ સ્ટોર રાત્રીના દસ વાગ્યા પછી બંધ થઈ જાય છે. રાત્રીના સમયે ગાંધીનગરમાં એકપણ મેડીકલ સ્ટોર ખુલ્લા રહેતા નથી. તેથી ઈમરજન્સીના સમયે શહેરમાં મેડીકલ સ્ટોરને શોધવામાં લોકોને મુશ્કેલીઓ પડી રહી છે. આખુ ગાંધીનગર ફરી વળે તો પણ લોકોને રાત્રીનાસમયે મોડા એક પણ મેડીકલ સ્ટોર શરૂ મળતી નથી. તેથી ઈમરજન્સી વખતે જીવન મરણનો ખેલ થઈ જાય છે અને છેલ્લે ગાંધીનગર સિવિલમાં જવાનો વારો આવે છે. ગાંધીનગર સિવિલમાં આવેલી તમામ મેડીકલ સ્ટોર રાત્રીના સમયે મતલબ ૨૪ કલાક માટે જે પહેલા કાર્યરત રહેતી હતી તે હવે દસ વાગ્યા બાદ બંધ થઈ જાય છે. જેની પાસે ચાની કીટલીઓ આખી રાત ધમધમી રહી છે અને ઘણી વાર ત્યા અસામાજીક તત્ત્વોનો આતંક પણ જોવા મળ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જેનરીક દવા સ્ટોરમાં ઓછી કિંમતે મળી રહી છે. પરંતુ ઘણી બધી દવાઓ અહીંયા ઉપલબ્ધ મળતી નથી તેથી લોકોને મેડીકલ સ્ટોરના ધક્કા ખાવા પડી રહયા છે. આ જેનરીક દવાનો સ્ટોર પણ ૨૪ કલાક શરૂ નથી રાખવામાં આવતી. મોડી રાત્રે જો કોઈને તાત્કાલિક દવાની જરૂર પડી તો કયાં જવું તે મોટો અને ગંભીર પ્રશ્ન બનવા પામ્યો છે. જો કે ઈમરજન્સી માટે સિવિલ છે પરંતુ સામાન્ય બિમારીના દર્દીઓ જેવાકે ઈન્ફેકશન, તાવ, શરદી, ખાંસી,





ઉલટી, ઝાડા વગેરે માટે રાત્રે કોઈ જ દવાખાનું કે દવા ઉપલબ્ધ નથી હોતી. ના છુટકે લોકોને સિવિલમાં જવાની ફરજ પડે છે. દવાના એક બે ડોઝથી મટી શકે તેવા રોગ માટે ફરજિયાત સિવિલનો સહારો લેવો પડે છે. ગાંધીનગરમાં તબીબી સેવાઓ ઠપ થઈ રહી છે. મેડીકલ કોલેજ નવી બની છે તેમ છતાં મેડીકલ કોલેજોમાં ડોકટરોની અછત વર્તાઈ રહી છે. શહેરમાં કોરોના કાળ બાદ મેડીકલ સુવિધાઓમાં ચોકસાઈ રાખવાને બદલે મેડીકલ સેવાઓ માટે લોકોને રાત્રે વલખાં મારવાનો વારો આવ્યો છે. તમામ દુકાનો બંધ હોય પણ મેડીકલ સ્ટોર તો ૨૪ કલાક માટે કાર્યરત રહેવા જોઈએ. સુત્રોના જણાવ્યા પ્રમાણે જેનરિક મેડીકલ દવા સ્ટોર શરૂ થયા બાદ સિવિલની સામે કાર્યરત મેડીકલ સ્ટોરવાળાઓને આર્થિક નુકશાન ભોગવવાનો વારો આવતાં મેડીકલ સ્ટોર બંધ રાખવામાં આવે છે. કોઈના આર્થિક સ્વાર્થમાં ઈમરજન્સી સેવા ન મળતાં ગંભીર નુકશાની થઈ શકે છે. ઘણા સમયથી લોકોને રાત્રે મેડીકલ સેવાઓ ઉપલબ્ધ ન થતાં મેડીકલ સ્ટોર ૨૪ કલાક શરૂ રાખવાની માંગ ઉગ્ર રીતે કરવામાં આવી રહી છે.

## રેડીયન્ટ સ્કુલમાં પૂર્વ-પ્રાથમિક વિભાગમાં અનોખો કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૧૦

સરગાસણમાં આવેલી રેડીયન્ટ સ્કુલ ઓફ સાયન્સમાં પૂર્વ-પ્રાથમિક વિભાગમાં લેટસ મીટ, સીંગ એન્ડ ડાન્સ ટુગેધર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળા દ્વારા ઉપરોકત વિભાગના બાળકોની માતાઓને પોતાના બાળક સાથે શાળામાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી. શાળાના શિક્ષિકા બહેનો દ્વારા બાળકો સમક્ષ ગીત-અભિનયની પ્રસ્તુતિ કરવામાં આવી હતી અને બાળક શાળામાં મનોરંજન સાથે કેવી શૈલીમાં શિક્ષણ મેળવી રહયું છે તેની માહિતી મનોરંજન સાથે પુરી પાડવામાં આવી હતી. શિક્ષિકા બહેનોની સાથે બાળકોની માતાઓએ પણ પોતાના બાળકો સાથે ગીતો ગાયા, અભિનય કર્યો અને વાતાવરણને ખુબ જ આનંદિર કરી દીધું હતું. શાળાના આચાર્ય દ્વારા બાળક માટે સમયનું આયોજન કરીને ઉપસ્થિત રહેલા તમામ માતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમને સફળ બનાવવા બદલ કેજી વિભાગના કો-ઓર્ડીનેટર તેમજ શિક્ષિકા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.


## આજે ક્રિષ્નકુમાર રાણા લિખિત મા નર્મદા પરિક્રમાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

મા નર્મદાની પરિક્રમા કરવાનું અનેરૂ મહાત્મય છે. ગાંધીનગરના ક્રિષ્નકુમાર રાણાએ નર્મદા પરિક્રમા પગપાળા કરી હતી. તેના અનુભવોનું પુસ્તક લખ્યું છે. આ પુસ્તક મા નર્મદાની પરિક્રમાના લોકાર્પણનો કાર્યક્રમ તા.૧૧ ડીસેમ્બરે સાંજે ૪થી ૬ દરમ્યાન શ્રી વૈજનાથ માલણેશ્વર મહાદેવ મંદિર, સે-૨૧ ઘ-૬ પાસે યોજાશે. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાંત જહા, ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ, ડીજીએસ પેન્શર એસો. ગાંધીનગરના અશોકભાઈ રીડાણી, તુષાર પરીખ કોર્પોરેટર, ગાંધીનગર મનપા, હિતેશભાઈ એન.રાવલ જિલ્લા સરકારી વકીલ મહેમાન તરીકે ઉપસ્થિત રહી પ્રાસંગિક વકતવ્ય આપશે અને પુસ્કતનું લોકાર્પણ કરવામાં આવશે. લેખક ક્રિષ્નકુમાર રાણા પોતાની લાગણી વ્યક્ત કરશે. કાર્યક્રમનું સંચાલન પ્રજ્ઞાબેન પટેલ સંભાળશે.

## આજે રોટરી કલબ દ્વારા નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન

ગાંધીનગર રોટરી કલબ દ્વારા ૧૧ ડીસેમ્બરના રોજ સાંજે ૪થી ૬ દરમિયાન સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક શાળા ચિલોડા ખાતે નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કર્યું છે. જે અંતર્ગત ગાંધીનગરના જાણીતા હૃદય રોગના નિષ્ણાંત ડો.બોની ગજજર અને કાન, નાક ગળાના રોગ નિષ્ણાંત ડો.દેવી ગજજર પોતાની સેવાઓ આપવાના છે. આ કેમ્પ દરમ્યાન દર્દીઓને ઈસીજી, બીપી તેમજ કાન, નાક, ગળાની તપાસ તથા બ્લડ સુગર ટેસ્ટ કરીઆપવામાં આવશે. ઈસીજી તપાસ માટે મોબાઈલ નં.૯૩૧૩૮૦૮૮૮૩ માં રજીસ્ટ્રેશન કરાવવાનું જરૂરી છે. તદઉપરાંત હૃદય રોગ માટેના કારણોની જાણકારી પુરી પાડવામાં આવશે. ઉપરોકત સેવાઓનો લાભ લેવા માટે કલબના પ્રમુખ ડો.જગદીશ પટેલ અને સેક્રેટરી ડો.પારસ ઉચાટે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં જ્ઞાનકુંજનું આયોજન











ગાંધીનગર, તા.૧૦

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ માં જ્ઞાનકુંજ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વર્ગના દરેકે દરેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય, વિજ્ઞાન, ગણિત, વૈદિક મેથ્સ, કલા, સાહિત્ય, ઈતિહાસ, રમત ગમત, ડેઝર્ટ દરેક વિષય આવરી લઈ ફેકલ્ટીઝના માર્ગદર્શન હેઠળ અનુરૂપ લાઈવ પ્રોજેક્ટ અને મોડેલ બનાવી અને વિદ્યાર્થીઓએ મહેનત તથા વાલીના માર્ગદર્શનથી રજૂઆત કરી હતી. જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ ઉપસ્થિત રહી અને ખુબ જ સહકાર આપ્યો હતો અને બાળકોમાં ઉત્સાહ વધાર્યો હતો.

## જન્મદિને વધામણી



ઝંખના મેહુલ શાહ
મો. ૯૫૩૭૭ ૭૨૨૫૬



હાર્દિક મારૂ
મો. ૭૮૭૪૩ ૩૫૫૬૬

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.મકવાણા પ્રવિણભાઈ બાબુભાઈ ઉ.વ.૪૪, સેકટર-૨૨
- સ્વ.પટેલ પરસોત્તમદાસ જીજીભાઈ ઉ.વ.૬૯, અડાલજ
- સ્વ.ગોસાઈ રમેશભાઈ શંકરગીરી ઉ.વ.૫૬, પેથાપુર
- સ્વ.દંતાણી લીલાબેન ચંદુભાઈ ઉ.વ.૬૬, સેકટર-૧૩ છાપરાં

● રૂદ્રભૂમિ ●

- સ્વ.પટેલ પુરીબેન ખોડાભાઈ ઉ.વ.૮૫, સેકટર-૧૩

# દીકરીની કરતબો : જીવન સંદેશ

## જન્મથી મૃત્યુ વચ્ચેના માણસના કરતબો એટલે જીંદગીનું સર્કસ

ગાંધીનગર, તા.૧૦

સર્કસ શબ્દ વાંચવા, સાંભળવા કે પછી જોતાં તરત જ ચેતાતંત્ર એકટીવ થઈ જાય અને વિવિધ કરતબો કરતી વ્યક્તિઓ આંખની સામે તરવરવા લાગે તાજેતરમાં ગાંધીનગરમાં પેટનો ખાડો પુરવા કરતબ કરતા નટ પરિવારની નાની દીકરીને જોતાં આત્મવિશ્વાસનું અદભૂત ઉદાહરણ જોવા મળી રહયું છે. દોરડા ઉપર એકબાજુથી બીજી બાજુ ઝુલીને જવાનું જેમાં દોરડા ઉપર સંતુલન જાળવવું આ દીકરીને નાની ઉંમરથી જ શીખવવામાં આવ્યું છે. જેમાં એક તરફ મનોરંજનના ગીતો શરૂ હોય અને દોરડા પર આ કરતબ શરૂ હોય જયાં લોકો આવતાં-જતાં બે-પાંચ રૂપિયા ત્યાં મુકેલી થાળીમાં મુકતાં જાય.



શહેરમાં નટ સમુદાયની નાની દીકરીનાં અદભૂત કરતબો

જન્મથી મૃત્યુ વચ્ચેના માણસના કરતબો એટલે જીંદગીનું સર્કસ. દુનિયામાં તમારી એન્ટ્રી થાય અને ફરી પાછા તમે દુનિયામાંથી એક્ઝિટ લો ત્યાં સુધી વિશ્વ ફલક ઉપર ભજવાતા પાત્રો થકી જ આપણે અમરત્વ પ્રાપ્ત કરીએ છીએ. સર્કસ જોઈએ તો પહેલા જ એન્ટ્રી પડે છે. જોકર્સની ટોળામાં આવતાં આ કલાકારો દર્શકોને હસાવવાનું કામ કરે છે પોતે રડે છે પણ તેને જોઈને બીજા હસે છે. આપણી જીંદગી પણ એવી જ છે. આપણે જન્મતાની સાથે જ રડીએ છીએ જયારે આપણને રડતાં જોઈને બીજાને હસવું આવે છે. આનંદ આવે છે. જીવનનો ખાલિપો ભરાઈ ગયાની લાગણી થાય છે.

જીંદગીનું આ કરતબ લગભગ આપણે દરેક તબક્કે ભજવવું પડે છે. આ કરતબનો સૌથી મોટો બોધપાઠ છે. સામેની વ્યક્તિ ઉપર વિશ્વાસ રાખવાનો.

ઝુલો પકડીને પકડીને સામેની વ્યક્તિ તરફ છલાંગ મારવી અને તે આપણને ઝીલી શકે તો વિશ્વાસ જ આ કરતબને ટકાવી રાખે છે. જીંદગીમાં પણ આવું જ છે. આપણી સાથે રહેલી વ્યક્તિ ગમે તેવી કપરી સ્થિતિમાં આપણો હાથ નહીં છોડે તેવો વિશ્વાસ આવી જાય પછી આપણે ગમે તેવી છલાંગ લગાવવા તૈયાર થઈ જઈએ છીએ. તેમાં સાથ આપનાર વ્યક્તિની જવાબદારી બેવડાઈ જાય છે. તેણે પોતાનું સંતુલન જાળવીને બીજાની જીંદગીને પણ ટકાવવાની છે.

દોરડા ઉપર સંતુલન રાખતી નાની દીકરી લોકોને મનોરંજન પુરુ પાડે છે. આ બાબત શીખવે છે કે તમારે જીંદગીનું સંતુલન સાધવું હોય તો કયાંક વળવુ પડે છે. કયાંક નમવું પડે છે. કયાંક ટટ્ટાર બાનીનો ઉભા રહેવાથી જીંદગીનું સંતુલન સાધી શકાતું જ નથી. માત્ર સીધી લીટીમાં રહેવાથી જીંદગીનું સંતુલન સાધી શકાતું જ નથી.

સર્કસનો ત્રણ કલાકનો શો હોય છે તેમાં વિવિધ લોકો વિવિધ કરતબ કરતાં હોય છે. તેની સામે આપણી જીંદગી આવી જ હોય છે. શેકસપિયર કહે છે તેમ આ દુનિયા સ્ટેજ છે અને આપણને એન્ટ્રી મળે ત્યારે આવવાનું અને એક્ઝિટ થાય ત્યારે ચુપચાપ નીકળી જવાનું. વચ્ચે જે પણ પાત્રો મળે તે આરામથી ભજવી લેવાના બાકી તો આપણા પછી પણ જીંદગીનું આ સર્કસ ચાલતું જ રહેવાનું છે.


આપણા પછી પણ યુગો સુધી દુનિયામાં પાત્રો આવતા રહેશે અને જતાં રહેશે. રાજકપુરનું લોકપ્રિય ગીત ઘણું બધું કહી જાય છે..જીના યહા મરના યહા, ઈસકે સિવા જાના કહા, જી ચાહે જબ હમકો આવાજ દો, હમ હે વહી હમ થે જહાં, કલ ખેલ મે હમ હો ન હો, ગર્દિશ મેં તારે રહેંગે સદા..

## એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં કોલાજ મેકિંગ સ્પર્ધાનું આયોજન













વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત મેકિંગ' સ્પર્ધા યોજવામાં આવી હતી. બાળકોની સર્જનાત્મક શક્તિ તથા એકાગ્રતા માં વધારો કરવા તથા જ્ઞાન સાથે ગમ્મત પણ મળી રહે તે હેતુથી એ.વી.વી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં માં આ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સુંદર મજા ના ચિત્ર આપવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ કોલાજ વર્ક કર્યું હતું.